અપીલ અરજી નં.૪૪ તા.૨૫-૪ -૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી અને નોડલ ઓફિસર
(આરટીઆઈ સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ આપની તા.૧૬–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતીના મુદ્દા નં.૧ થી ૫ બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪૪/૨૦૧૧–૧૨

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ની તા.૧૬–૩–૧૧ ની અરજીથી અપીલ અરજીમાં માહિતી મળેલ ન હોવાના દાવા અંગે અત્રેથી આરટઆઈ સેલ/ ૧૫૦૨ તા.૩૦–૩–૧૧ થી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે અંગે નારાજગી હોય તો અત્રેના સત્તા મંડળને અપીલનું કારણ ઉત્પન થાય. જે અંગે આપશ્રીને મુદ્દા નં.૧ અને ૩ અંગે પાના નંગ–૧૮ ના પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૩૬/– ભરવા જણાવેલ. જે તમોએ રૂા.૩૬/– ભરીને માહિતી મેળવેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે પાના નંગ–૨ ના પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૪/– ભરી મેળવવા જણાવેલ પરંતુ જે તમોએ મેળવેલ નથી જો આપ ઈચ્છુક હોય તો રૂા.૪/– ભરી માહિતી મેળવી શકો છો. જયારે અન્ય મુદ્દા નં.૪ અને ૫ ની માહિતી આપને પૂરી પાડવામાં આવેલ છે આ મળેલ માહિતી અંગે નારાજગી હોય મુદ્દાવાઈઝ કઈ બાબતે શી નારાજગી છે તે સ્પષ્ટ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬ તા.૨–૫–૧૧ થી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૬–૩–૧૧ ની કમિ.શ્રી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી અપીલના નિકાલ બાબતે માહિતી માગતી અરજી કમિ. શ્રી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન મધ્યસ્થ કાર્યાલય સુરત મહાનગર સેવાસદનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૮૨૬ તા.૧૭–૩–૧૧ થી આસી. નોડલ ઓફિસર આરટીઆઈ સેલ અને અધિક કલેકટર સંકલનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રીતભાવ મળ્યોન થી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી અને નોડલ ઓફિસર (આરટીઆઈ સેલ) તરફથી આરટીઆઈ સેલ/આ.નં.૧૫૦૨ તા.૩૦–૩–૧૧ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી નિયત સમય અવધિમાં આપવામાં આવેલ.

જેમાં મુદ્દા નં. મુદ્દા નં.(૧) શ્રી પ્રદિપસિંહ જે ઝાલા ડે.કમિ.(સ્પે) અને એપલેટ અપીલ ઓથોરીટી ઓફિસરશ્રી છે. જેઓ શ્રી સુરત મનપાની દરેક આરટીઆઈ અપીલનો હુકમ નિકાલ કરતા હોય અને અમો અરજદારની તા.૬/૧/૧૧ ની અપીલનો નિકાલની સુનાવણી ચલાવવાનો પત્ર અપીલ મર્યાદાનાં દિવસ–૪૫ ઉપરના ૨૪ દિવસ વ્યર્થ વ્યતિત કર્યા છતાં આજ સુધી અમો અરજદારની અપીલનો નિકાલ ન કરવા અંગેની માહિતી. આપની તા.૬/૧/૧૧ ની અપીલ અરજી આપની તા.૩/૧૨/૧૦ ની આરટીઆઈ હેઠળની અરજીના મુદ્દા નં .૧,૩,૪,૫ અને ૬ અંગે કરવામાં આવેલ, સદર મુદ્દાની માહિતી સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રની બહારની હોય,સદર અપીલ અરજી અત્રેના પત્ર નં. આરટીઆઈસેલ/૧૧૫૧ તા.૧૧/૧/૧૧ થી અપીલ અધિકારી અને જીલ્લા કલેકટર સુરતને આપની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ,સદર અપીલ અરજી અધિક કલેકટર (સંકલન) ના પત્ર નં.પીઆરઓ/રા.ટુ.ઈ/વશી/૧૧/ અપીલ તા.૨૫/૨૭–૧–૧૧થી અત્રે પરત મોકલવામાં આવેલ જે ફરી વાર અત્રેના પત્રનં.આરટીઆઈ સેલ/૧૨૮૧ તા.૭/૨/૧૧થી આપની જાણ હેઠળ અધિક કલેકટર(સંકલન) ને મોકલવામાં આવેલ છે. ઉપરાંત આપના તા.૧૬/૩/૧૧ ના પત્રના અનુસંધાને ફરી વાર અત્રેના પત્ર નં.આરટી આઈ સેલ/૧૪૫૪ તા.૨૧/૩/૧૧થી આપની જાણ હેઠળ અધિક કલેકટર (સંકલન) ને અપીલીય કાર્યવાહી કરવાતથા આપને લાગત સત્તામંડળનો સંપર્ક સાધવા જણાવવામાં આવેલ છે. જે અંગેના પત્ર વ્યવહારના પાના નંગ–૧૮ પાનાદીઠ રૂા.૨/–લેખે રૂા.૩૬/– ભરવાથી મળી શકશે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ અંગે ની માહિતી બાબતે રસીદ નં.૨૯૬૬૩૮ તા.૮–૪–૧૧ થી માહિતી અંગેના નાણા ભરપાઈ કરેલ. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/આ.નં.૬૧ તા.૧૫–૪–૧૧ થી અરજદારને દસ્તાવેજી માહિતી પૂરી પાડવામાં આવેલ. મુદ્દા નં. (૨) ડે.કમિ.(સ્પે) અને એપલેટ ઓફિસર વડા કે ડે .કમિ.(૫ અને ઈ) અને નોડલ ઓફિસર વડા જેની આરટીઆઈની કલમની જોગવાઈ અનુસારની માહિતી.આરટીઆઈ કાયદાની જોગવાઈ અનુસાર જાહેર માહિતી અધિકારીના નિર્ણય પર અપીલ અધિકારીને કલમ ૧૯ (૧ ) હેઠળ પ્રથમ અપીલ થઈ શકે. પ્રસ્તુત કેસમાં નોડલ ઓફિસર જાહેર માહિતી અધિકારી છે. અને ડે.કમિશ્નર(સ્પે) અપીલ અધિકારી છે. ડે.કમિશ્નર (સ્પે) અને એપલેટ અધિકારી તથા ડે.કમિ.(૫ અને ઈ) અને નોડલ ઓફિસરની નિમણૂંક અંગેના હુકમની નકલ પાના નંગ.૨ પાના દીઠ ૨/– લેખે રૂા.૪/– ભરવાથી મળી શકશે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ જણાવેલ નાણા ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી. મુદ્દા નં.(૩) સુરત જીલ્લા કલેકટર કચેરીના અધિક કલેકટર (સંકલન) શ્રીએ સુરત મનપાનાં ડે.કમિ.(સ્પે) અને એપલેટ ઓફિસરશ્રીને અમો

અરજદારની અપીલ તા.૦૬/૧/૧૧ ને ચલાવવા અંગેનો પત્ર તા.૨૭/૧/૧૧ ના રોજ આપેલ જેનો પ્રત્યુત્તર ડે.કમિ. (૫ અને ઈ) અને નોડલ ઓફિસર, આરટીઆઈસેલ તા.૭/૨/૧૧ ના રોજ પત્રથી સુરત જીલ્લા કલેકટરશ્રીની કચેરીનાં અધિક કલેકટર (સંકલન)શ્રીને ચલાવવાનું જણાવે છે. અને તે પણ ૩૦ દિવસ વ્યર્થ વ્યતિત કર્યા બાદ પત્ર પાઠવવા અંગેની માહિતી.મુદ્દા નં. ૧ મુજબની માહિતી.મુદ્દા નં.(૪)સુરત મનપાનાં ડેપ્યુટી કમિશ્નરશ્રી(સ્પે)અને સુરત જીલ્લા કલેકટર કચેરીનાં અધિક કલ ેકટર(સંકલન)શ્રી બંને એપલેટ અધિકારીઓ અમો અરજદારની અપીલ અરજી ન ચલાવવા ઈચ્છતા હોય તો તે અંગેની માહિતી.આપની તા.૬/૧/૧૧ ની અપીલ અરજી આપની તા.૩/૧૨/૧૦ ની આરટીઆઈ હેઠળની અરજીના મુદ્દા નં. ૧ ,૩,૪,૫ અને ૬ અંગે કરવામાં આવેલી હોય, સદર મુદ્દાની માહિતી સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રની બહારની હોય ડે.કમિ.(સ્પે) અને એપલેટ ઓફિસરે ચલાવવાની રહેતી નથી. જેથી લાગત સત્તામંડળનો સંપર્ક સાધવા વિનંતી. વધુ સંદર્ભ માટે આરટીઆઈ કાયદાની કલમ ૬ (૩) સંદર્ભ કરી શકો છો જે સુરતમહાગનરપાલિકાની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.મુદ્દા નં(૫) સુરત મનપાનાં ડે.કમિ.(૫ અને ઈ) જાહેર માહિતી અધિકારીશ્રી હોય છે. અને હવે નોડલ ઓફિસરશ્રી આરટીઆઈસેલ બનેલ છે.આ બંને હોદ્દાઓની આરટીઆઈના નિયમ–કલમની જોગવાઈ અનુસારની માહિતી.મુદ્દા નં.૨ મુજબની માહિતી. આમ અરજદારને અત્રેના કાર્યક્ષેત્ર હેઠળની આવતી માહિતી નિયત સમય અવધિમાં અરજદારને પૂરી પાડવામાં આવેલ. પૂરી પાડેલ માહિતી પૈકી અરજદારે ફકત મુદ્દા નં.૨ માં જણાવેલ માહિતી અંગે નાણા ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લગતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર મુદ્દા નં.૨ અંગે નિર્દિષ્ટ કરેલ નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી અને નોડલ ઓફિસર (આરટીઆઈ સેલ) ..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,૧૨/૨૩૭૩, સૈયદપુરા માર્કેટ,કુંભારવાડા પાસે,સુરત. ...... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.